જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૫/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૧૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૫૧૩ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૩૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૧૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૧૬/૨૦૨૬**

કૃષ્ણનગરઃ રાજેશ નાનકરામ સભાગચંડાની (ઉ.વ.૫૧)(રહે. પાર્થ એવન્યુ, નવયુગ સ્કુલ સામે, કૃષ્ણનગર) એ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૪/૨૦૨૨ થી તા.૧૮/૧૧/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન બાપસીતારામ ચોક રઘુવિર એપાર્ટમેન્ટ પહેલો માળ ઓફીસ નં–૧૭ "પ્રમુખ સ્વામી ઈન્ટરનેશનલ વીઝા કન્ટલ્સટનટ્સી" નામની પોતાની ઓફીસ ખાતે આરોપી (૧) ઈનમીત બી.આચાર્ય (રહે.ઉજવ્વલ એપાર્ટમેન્ટ મહેસાણા બેંક સામે મોડાસા સાબરકાંઠા [હાલ રહે.દુબઈ] (૨) નીરજ પટેલ [હાલ રહે– દુબઈ] (૩) હિમાંશુ મેહનત [હાલ રહે– દુબઈ] (૪) દિક્ષીત મહેનત [હાલ રહે– દુબઈ] (૫) દિવ્યેશ રમણભાઈ પટેલ (રહે–, ACME એન્કલેવ ટાવર, CHS ઈનોરબીટ મોલ સામે, મલાડ વેસ્ટ, મુંબઈ [હાલ રહે– દુબઈ) એ ભેગામળી રાજેશ સભાગચંડાની નાઓની કંપની જે વર્ક વિઝાનું કામ કરે છે તેઓને વિશ્વાસમાં લઈ, તેમના કસ્ટમરોને ખોટા (બનાવટી) વર્ક પરમીટ લેટર તેમજ વીઝા લેટર આપીને રાજેશ સભાગચંડાની નાઓના કસ્ટમરોના કુલ રૂપિયા ૮૯,૫૭,૦૦૦/– તેમની પેઢીમાંથી મેળવી લઈ રાજેશ સભાગચંડાની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.કિશોરી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૭૧૭/૨૦૨૬**

વાસણાઃ બ્રીજેશભાઈ મહેશભાઈ શાહ (ઉ.વ.૩૩)(રહે.શીતલ એક્વા, સુભાષબ્રીજ પાસે શાહીબાગ) એ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૫/૨૦૨૬ સાંજના ૭/૩૦ થી તા.૧૯/૦૫/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વાસણા સુદર્શન પાર્ટી પ્લોટ પાસે મલય કો.ઓ.હા.સોસાયટી ખાતે આવેલ પોતાના સસરાના ઘરના ઘાબાનો દરવાજો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૯૫,૦૦૦/–, ચાંદીના ગ્લાસ અને ઝાંઝર કિમત રૂપિયા ૮૦,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪,૦૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૭૧૮/૨૦૨૬**

ઓઢવઃ રામજીલાલ શ્રીલાલ વર્મા (ઉ.વ.૬૧)(રહે.સ્વામીનારાયણ મંદીરની બાજુમાં, છોટાલાલની ચાલી પાસે, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૫/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ, ગીરીરાજનગરની પાસે આશીર્વાદ સીટી–૦૨ ખાતે આવેલ પોતાના દિકરા સુદિપકુમાર વર્માના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સિંગરવા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૫/૨૦૨૬ કલાક ૦૦/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી